ગાંધીનગર સમાચાર

એરફોર્સના કર્મચારીની હત્યાનો ભેદ દોઢ મહિને પણ અનડિટેક્ટ

## @ગાંધીનગર

● સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૨ કલાકે મોંઘવારીના વિરોધમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ધરણા કરાવાશે.

● ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન દ્વારા સવારે ૧૦ કલાકે શિવાલય પાર્ટી પ્લોટ, રાંધેજા રોડ, ક-૭ ખાતે કારોબારી મીટીંગ યોજાશે આ ઉપરાંત સાંજે ૪ કલાકે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગોપી મહિલા મંડળ તથા વસાહત મંડળ સે-૧૩-સી દ્વારા આયોજિત કથાના આઠમા દિવસે સાંજે ૫ કલાકે કૃષ્ણ રૂક્ષ્મણિ વિવાહ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠ ના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦ કલાકે સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૨, રાજપૂત ભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ



# ગાંધીનગરમાં ઉંદરોનો ત્રાસ

## શહેરની સરકારી કચેરીઓમાં ફાઈલો તેમજ નગરજનોના ઘરમાં રહેલા આધુનિક ઉપકરણોને નુકસાન પહોંચાડે છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઉંદરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરમાં આવેલી સરકારી કચેરીઓમાં રહેલી કિંમતી ફાઈલો, કોમ્પ્યુટર સહિત વસાહતીઓના ઘરમાં ફ્રીજ, ટીવી, વોંશીગ મશીન,ઘરઘંટી જેવા કિંમતી આધુનિક ઉપકરણો કોતરી નાંખે છે. ઉંદરોના ત્રાસથી નગરજનો તેમજ કર્મચારીઓ તૌબા પોંકારી ઉઠ્યા છે. આ ઉંદરોના કારણે નગરજનોને આર્થીક ફટકો પણ વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર શહેર સ્વચ્છ અને સુંદર શહેર તરીકે ઓળખાય છે. પરંતુ શાંત અને રળીયામણા શહેરને ઘણા સમયથી ઉંદરોએ બાનમાં લીધું છે. ઉંદરોનો ત્રાસ વધતા નગરજનો ચિંતિત બન્યા છે. નગરમાં આવેલી સરકારી કચેરીઓ કલેકટર કચેરી, કોર્ટ, વિધાનસભા, સચિવાલય, સિનેમાગૃહો, ટાઉનહોલ સહિતની કચેરી પર ઉંદરોએ કબ્જો જમાવતા કર્મચારી હેરાન પરેશાન થઈ ગયા છે. નગરમાં ઉધઈનો પ્રોબ્લેમ તો હતો તેમા વધુ એક ઉપાધી આવતા રહિશોમાં ચિંતા પ્રસરી છે. વર્ષો અગાઉ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉંદર પકડવાના પાંજરાનું ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું હતું. પરંતુ પાછળથી આ અંગે કોઈ કાર્યવાહી થવા પામી નહોતી. અત્યારે હાલના સમયે રાજયના પાટનગરમાં સરકારી કચેરીઓમાં ગુજરાતભરના કિંમતી દસ્તાવેજો હોય છે આ કિંમતી કાગળો ને પણ ઉંદર દ્વારા નુકસાન પહોંચાડાય છે. વર્ષોથી ધુળ ખાતી ફાઈલો તો કર્મચારી કદાચ બહાર ખાનામાંથી બહાર કાઢે ત્યારે કેટલી કોતરાઈ છે તેનો અંદાજો મળે બાકી તો ઉંદરોની હેરાનગતિથી કેટલાય અધિકારીઓની ઉંઘ ઉડી જવા પામી છે. સરકારી ઉપયોગી રેકર્ડ પણ ઉંદરોના મોંમા ચવાઈ ગયા હોવાનું લાગી રહ્યું છે. કર્મચારીના હાથવગા કોમ્પ્યુટર અને ટેલીફોન પણ અવાર નવાર ખોટકાયાના બનાવો બને છે તેની પાછળ પણ આ જ મુખ્ય કારણ હોવાનું ધ્યાને આવ્યું છે.સરકારી કચેરીના કર્મચારીઓની સાથે વસાહતીઓને પણ હેરાનગતિ ઉંદરની છે. ઘરમાં રહેલા આધુનિક ઉપકરણો ટીવી, ફ્રીજ, વોંશીગ મશીન, ઘરઘંટી, કોમ્પ્યુટર,સહિતના ઉપકરણોને કાતરી નાંખતા શહેરીજનોને મોટી રકમનું નુકશાન વેઠવું પડે છે. નગરજનો અને કર્મચારીગણ ઉંદરને લઈ શહેરમાં પરેશાની ભોગવી કોઈ હલ શોધી રહ્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે સિવિલ હોસ્પિટલને નવી આઈસીયુ વાન ભેટ આપવામાં આવી. ભેટ આપવાની વિધિ પત્યા બાદ સમારંભ સ્થળેથી ખસેડવા આઆઈસીયુ વાન ચાલુ ના થતા તેને ધક્કા મારવા પડયા હતા.

● ગાંધીનગરની સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ કાર્યાલય ખાતે હોર્સ રાઈડીંગની તાલીમ આપવામાં આવે છે. આ હોર્સ રાઈડીંગ શીખવા આવેલ એક યુવાનને તોફાની ઘોડાએ નીચે પાડી દીધો હતો. પરંતુ સદભાગ્યે તેને કોઈ ગંભીર ઈજા નહોતી થવા પામી.

● સે-૨૨માં આનંદવાટિકા સોસાયટી આગળ મુખ્ય માર્ગ પર ઘણા સમયથી ખાડો પડેલો છે. આ ખાડાને કારણે અનેક વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે પરંતુ ખાડો તંત્રની આંખે ચડતો નથી.

● ઉત્તરાયણ જેમ જેમ નજીક આવતી જાયછે તેમ તેમ તેનો માહોલ પણ બનતો જાય છે. આજકાલ નગરમાં ઉત્તરાયણ પર્વ માટે મોઢેથી વગાડવાના ચિત્ર વિચિત્ર અવાજવાળા પિપૂડા વેચવાવાળા ફેરિયા ફરી રહ્યા છે.જે અવનવા અવાજો દ્વારા ગ્રાહકોને આકર્ષવા પ્રયત્નો કરી રહ્યાં છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# નારી ગુણવંતી પુસ્તકનું લોકાર્પણ અને પારિવારિક સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, ટાવર બિલ્ડીંગના કોન્ફરન્સ હોલમાં જાણીતા કવિ લેખક અનંત પટેલના ચતુર્થ પુસ્તકનું લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જાણીતા લોક સાહિત્યકાર દોલત ભટ્ટ તેમજ સાહિત્યકાર નટવર હેડાઉ, ડાયાભાઈ પટેલ અને પટેલ સમાજના અગ્રણી જેઠાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અંનત પટેલના આ અગાઉ એક લઘુ નવલ 'નેણ ઓગળી ગયાં' કાવ્યસંગ્રહ 'અનંતની કવિતા' અને વાર્તાસંગ્રહ 'જિંદગી જીવવા જેવી' પ્રગટ થઈ ચુકયા છે. તેઓ સરકારમાં વન અને પર્યાવરણ વિભાગ, નાણાં વિભાગ, શિક્ષણ વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગમાં ઉચ્ચ અધિકારી તરીકે સેવાઓ આપી ચુકયા છે. હાલમાં તેઓ રાજયકક્ષાના મંત્રી આદિજાતિ વિકાસના અંગત સચિવ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

'નારી ગુણવંતી' પુસ્તકનું લોકાર્પણ કરતા વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટે જણાવ્યું હતું કે લેખકે ઉંડાણપૂર્વક મંથન કરી આ કથાઓમાં નવનીત નિતાર્યુંછે. સાહિત્યકાર નટવર હેડાઉએ અનંત પટેલની સાહિત્ય યાત્રા અંગે વિગતવાર વાત કરી હતી જયારે ડાયાભાઈ પટેલ તેમજ જેઠાભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતા. આ પ્રસંગે અનંત પટેલના પરિવારનો, મિત્રો, સ્નેહીઓ બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# અશ્વિનભાઈ પટેલ કોલેજ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

અશ્વિનભાઈ એ. પટેલ એન.એસ.એસ. યુનિટ તથા નહેરૂ યુવા કેન્દ્ર ગંધીનગરના સંયુકત ઉપક્રમે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. વકતૃત્વ સ્પર્ધામાં રાષ્ટ્ર નિર્માણમાં યુવકોની ભૂમિકા અને



દેશભકિત અને રાષ્ટ્ર ભકિત વધારવામાં યુવકોનો ફાળો વિષયો ઉપર વિદ્યાર્થીઓએ વકતવ્ય આપ્યું હતું. આ સ્પર્ધામાં ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે મેઘા ધુમાલીયા, બીજા ક્રમે સોની પૂનમ અને પંચાલ ગાયત્રી તથા ત્રીજા ક્રમે વૈષ્ણવ કાજલ વિજેતા બન્યા હતા.

વિજેતા બનનાર વિદ્યાર્થીઓ આગામી તા. ૯મી જાન્યુઆરીના રોજ યોજાનાર જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સમગ્ર સ્પર્ધાનું આયોજન પ્રોગ્રામ ઓફીસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્રના કોર્ડીનેટર રજનીકાંત સુથાર, પ્રિન્સીપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્પર્ધામાં હાજર રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૭

રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૯મી જાન્યુઆરીને શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘટાઈપ, સેકટર-૨૩ ખાતે માસીક બેઠક યોજાશે. જેમાં જાણીતા કર્મશીલ ચિંતક અને નિવૃત્ત આઈ.એ.એસ. ઓફીસર એચ.બી. વરીયા 'અંધશ્રધ્ધામાં અટવાતું ગુજરાત' વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે. આ માસીક બેઠકમાં સર્વે સભાસદ મિત્રોને ઉપસ્થિત રહેવા સમાજના મંત્રી પંકજ પટેલે જણાવ્યું છે.

## સ્વ. લાભશંકર ઠાકરને ગાંધીનગર સાહિત્ય સભાની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૭

ગુજરાતના સુવિખ્યાત લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર અને આર્યુવેદના તજજ્ઞ વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ'નું દુઃખદ નિધન થતા ગુજરાતના સાહિત્ય જગતમાં ભારે મોટી ખોટ પડી છે. ગુજરાતી સાહિત્યના અનેક ગૌરવશાળી પારિતોષિકો તેમજ રણજીતરામ સુવર્ણચંદ્રક, કુમાર ચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રકથી પણ વિભૂષિત થયા હતા. સાહિત્યમાં કવિતા, નાટકો અને નવલકથા દ્વારા ગુજરાતી સાહિત્યમાં તેએ શ્રેઠતમ યોગદાન આપ્યું હતું.શોકની લાગણી સાથે ગાંધીનગર સાહિત્યસભાના ભરત કવિ, સુરેશચંદ્ર ભટ્ટ, નટવર હેડાઉ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, હરેશ ભટ્ટ, મહેન્દ્રભાઈ રાઠોડ અને તમામ કારબારી સભ્યોએ દિવંગત લાભશંકર ઠાકરને શ્રધ્ધાંજલિ પાઠવી છે.

# સે-૧૧ પોસ્ટ ઓફિસમાં સેવાઓ પુનઃ ચાલુ થતા ગ્રાહકોની ભારે ભીડ

## સીબીએસ સીસ્ટમ લાગુ કરવા અઠવાડિયાથી બંધ કામકાજ પુનઃ ચાલુ થતા ગ્રાહકોએ ધસારો કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસમાં આજથી સીબીએસ સીસ્ટમ લાગુ કરાઈ હતી. આ સીસ્ટમ લાગુ કરવા માટે છેલ્લા પાંચ-સાત દિવસથી પોસ્ટ ઓફિસની કાર્યવાહી બંધ રખાઈ હતી જેના કારણે આજે ભારે ભીડ જમા થઈ જવા પામી હતી. આ કારણે પોસ્ટ ઓફિસમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો.

ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસ સે-૧૧ ખાતે આવેલ છે જયાં મહિનાના પ્રારંભે ખાસ કરીને પેન્શનર્સની ભીડ વધારે જોવા મળે છે. જાન્યુઆરી માસની પહેલી જ તારીખથી પોસ્ટ ઓફીસે સીબીએસ સીસ્ટમ લાગુ પાડવાની હોઈ





કામકાજ બંધ રખાયું હતું. આ કારણે પેન્શનર્સ ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. એક અઠવાડિયા પછી જયારે આજે પોસ્ટઓફિસ ખાતે કામકાજ એકવાર પુનઃ રાબેતા મુજબ કાર્યરત થયું તો સવારથી જ ભારે ભીડ લગાવી ગ્રાહકોએ ધસારો કર્યો હતો. પેન્શનર્સ ઉપરાંત અન્ય ગ્રાહકો પોતાના પેન્ડિંગ રાખેલા કાર્યો પુરા કરવા પોસ્ટ ઓફિસે રીતસરનો ધસારો કરતા અફડાતફડીનો માહોલ પણ સર્જાયો હતો. દરેક કાઉન્ટરે લાંબી લચક લાઈનો જોવા મળતી હતી અને કામ પતાવવા માટે વાર લાગવાથી અકળાયેલા ગ્રાહકો અને કર્મચારીઓ વચ્ચે બોલાચાલીના પ્રસંગો પણ થવા પામ્યા હતા. ઘણા નગરજનોએ પોસ્ટ ઓફિસ કર્મચારીઓ પ્રત્યે રોષની લાગણી વ્યકત કરી હતી. જો કે સીબીએસ સીસ્ટમ અમલી થતા હવે આગામી દિવસોમાં કાર્યભાર હળવો થશે અને સેવાઓ ઝડપી બનશે તેવો કર્મચારીઓએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

## પી.પી.આર. શાહ હાઈસ્કૂલ દ્વારા પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૭

કલોલ તાલુકાના લીંબોદરા ગામમાં આવેલ પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ દ્વારા તાજેતરમાં ત્રિદિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં શાળાના ધોરણ-૬થી ૧૦ના કુલ ૧૦૬ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પ્રવાસ દરમિયાન જુનાગઢ, ઉપરકોટ, સકકરબાગ, સોમનાથ, દીવ અને સાળંગપુર હનુમાન સહિતના સ્થળોની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. મુલાકાત વખતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને ઐતિહાસિક માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ શિક્ષકોને રસપ્રદ સવાલો પૂછયા હતા. પ્રવાસના અંતે બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. શાળાના શિક્ષક અતુલભાઈ રાવલે પ્રવાસનું સંચાલન કર્યું હતું આમ શાળાના આચાર્ય તોજસિંહ પરમારે જણાવ્યું હતું.

# એરફોર્સના કર્મચારીની હત્યાનો ભેદ દોઢ મહિને પણ અનડિટેકટ

ગાંધીનગર, તા.૭

દોઢ મહિના પહેલા એરફોર્સના કર્મચારીની સે-૩૦નાં કવાટર્સમાં ઘરમાં જ કરપીણ હત્યા કરી નાંખવામાં આવી હતી. આ હત્યા પાછળ પોલીસને શારિરીક સંબંધો કારણભૂત હોવાની શંકા છે. દોઢ દોઢ મહિના બાદ પણ ઘરમાં ઘુસીને કરવામાં આવેલી હત્યા અનડિટેકટ રહી છે. નગ્ન હાલતમાં મળી આવેલા મૃતદેહ અને અન્ય કેટલીક પરિસ્થિતિઓને ધ્યાને લઈ પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી

### સે-૩૦ના કવાટર્સમાં ઘરમાં ઘુસીને કરપીણ હત્યા કરાઈ હતી : નગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો હતો

હતી પરંતુ હજુ તેમાં પણ કોઈ જ કડી મળી આવી નથી.

સેકટર-૩૦ જ ટાઈપ બ્લોક નં. ૨૯૨/૪ ખાતે એરફોર્સ કવાટર્સમાં રહેતા અને સેકટર-૯ એરફોર્સમાં નોકરી કરતા ગીલુસીંગ ગ્યાસી રામના ઘરમાં ઘુસીને ૨૬ નવેમ્બરે હત્યા થઈ જવા પામી હતી. નગ્ન હાલતમાં મૃતદેહ પડયો હતો. અને ઘરમાં દારૂની બોટલ તથા બાઈટીંગ અને દીવાલ તથા દરવાજે લોહીના ડાઘ પડેલા હતા. એર કુલર પાછળ ફેંકી દેવાયેલ લોહી ભીની છરી પણ મળી આવી હતી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને શારીરીક સંબંધો હત્યા પાછળ કારણભૂત હોવાનું તર્ક લગાવી તે દિશામાં તપાસ શરૂ કરી હતી. જો કે આ ઘટનાને દોઢ મહિનાથી વધુ સમય થઈ ગયા બાદ પણ હજુ સુધી મર્ડર અનડિટેકટ છે. હવે જોવું રહ્યું કે આ મર્ડર કયારે ડિટેકટ થાય છે...!

# સે-૨૧ મસ્જીદ સામે એકટીવાની અડફેટે સાયકલ ચાલક વૃધ્ધ ઘવાયા

### વિદ્યાર્થીનીએ એકટીવાથી સાયકલને ટકકર મારતા વૃધ્ધને ગંભીર ઈજાઓ થઈ હતી

ગાંધીનગર શહેરમાં અન્ડર એજ ડ્રાઈવીંગ ખુબ જ જોખમી સાબિત થઈ રહ્યું છે. આજે સવારે શાળાએથી છુટયા બાદ ધો-૧૦ની વિદ્યાર્થીની એકટીવા લઈને બેફામ ગતિએ સે-૨૧ મસ્જીદ પાસેના માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે એક સાયકલને ટકકર મારતા સાયકલ ચાલક વૃધ્ધ ગંભીર રીતે ઘવાયા હતાં. વૃધ્ધને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે તબિયતમાં સુધારો જણાતા આખરે સમાધાન થઈ જતા વૃધ્ધે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# સાવધાન... નગર સીસીટીવી સર્વેલન્સ હેઠળ


## ટ્રાફીક નિયમોના ભંગથી ઈમેમા મળતા નગરજનોમાં ફફડાટ...

### હેલ્મેટ અને બેલ્ટ અંગે જાગૃતતામાં વધારો, જો કે એસ.ટી., વિટકોસ અને સરકારી વાહનો પ્રત્યે કુણા વલણથી રોષ

ગાંધીનગર, તા.૭

નગરમાં સીટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્ટ ટ્રાફીક મોનેટરીંગ સીસ્ટમ થકી ટ્રાફીક નિયમોના ભંગ માટે વાહન ચાલકોને ઘરે ઈમેમા મળતા થઈ જતા ફફડાટ વ્યાપ્યો છે. જો કે આ પ્રકારની તંત્રની કાર્યવાહીથી વાહનચાલકોમાં જાગૃતતા વધી ગઈ છે અને પ્રાથમિક તબક્કે ટુ વ્હીલર ચાલક હેલમેટ અને ફોર વ્હીલર બેલ્ટ ફરજીયાત લગાવતા થયા છે. છતાં એસ.ટી., સરકારી વાહનો અને વિટકોસ ટ્રાફિક નિયમોથી બાકાત હોય તેમ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેથી દરેક માટે સમાન કાયદાનું ધોરણ અપનાવાય તે ઈચ્છનીય બન્યું છે.

વાહનચાલકોમાં ટ્રાફીક અંગે જાગૃતતા વધે અને માર્ગ સલામતી હેઠળ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય તેવા શુભ હેતુથી નગરમાં સીસીટીવી કેમેરા લગાવી મોનેટરીંગ થઈ રહ્યું છે. સીટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્ટ ટ્રાફીક મોનેટરીંગ સીસ્ટમથી ટ્રાફીક નિયમોના ભંગ કરતા ચાલકો વિરૂધ્ધ ઈ ટ્રાફીક ચલણ ઈસ્યુ કરી જે તે ચાલકના સરનામે મોકલી દેવાય છે. નગરમાં લગાવાયેલા સીસીટીવી કેમેરા થકી અનેક લોકોને ઈમેમા મળ્યા છે જેમાં દંડ પેટે રકમ વસુલ થઈ રહી છે જેથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સીસ્ટમ દ્વારા ઈસ્યુ કરાતા ઈમેમા (ટ્રાફીક ચલણ)માં જે તે વાહનનો ફોટો હોય છે, વાહન ચાલકનું નામ, સરનામુ, વાહનનો પ્રકાર, ચલણ તારીખ, ચલણ ભરવાની અંતિમ તારીખ, વાહનનો રજીસ્ટ્રેશન નંબર, ચલણ નંબર, નિયમ ભંગ કરવાની તારીખ અને સમય, સ્થળ, કયા કેમેરાથી નિરીક્ષણ થયું તે, કઈ કલમ હેઠળ અને કેટલો દંડ, વાહનની કંપની, મોડલનું નામ અને કયા પોલીસ સ્ટેશનનો બનાવ જેવી વિસ્તૃત વિગતો પુરી પડાય છે જેથી વાહનચાલકને ફરજીયાત દંડ ભરવો જ પડે છે. આ પ્રકારની તંત્રની કાર્ય પધ્ધતિથી વાહનચાલકોમાં ફફડાટ સાથે સાવધાની વધી છે અને ટ્રાફિક નિયમનનું પાલન કરે છે. જો કે નગરમાં ફરતી એસ.ટી. સરકારી વાહનો અને વિટકોસ જેવા વાહનો પ્રત્યે તંત્રનું કુણુ વલણ લોકોમાં આશ્ચર્ય ફેલાવી રહ્યું છે. આ અંગે ઝીણવટભરી તપાસ કરાય તો એસ.ટી.ના ડ્રાયવર, વિટકોસના ડ્રાયવર કે સરકારી વાહનો કયારેય ટ્રાફીક નિયમોનું પાલન કરતા ન હોવાનું નગરજનો જણાવી રહ્યા છે. સાઈડ સિગ્નલથી માંડીને અનેક બાબતો આ વાહનોમાં ઉપલબ્ધ ન હોવાનું લોકો જણાવી રહ્યા છે. જેથી કાયદાનું કડક પણે પાલન થાય તેવી માંગ ઉઠવા પામી છે.




તાજેતરમાં ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે એસોસિએશન દ્વારા પોરબંદર ખાતે રાજયકક્ષાની કરાટે સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરની ચૈતન્ય સ્કુલની ધોરણ-૫માં અભ્યાસ કરતી તાન્યા પઠાણે અંડર-૧૨ કેટેગરીમાં ભાગ લઈ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ મેળવીને શાળા તેમજ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. તેણીની આ સિધ્ધિ બદલ શાળાના ડાયરેકટર એલિઝાબેથ કોશી, ટ્રસ્ટી નલિની સુબારાવ, શાળાના આચાર્ય સ્વાતી માટા, કોચ ગૌરાંગ રાણા તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. શકરીબેન લાખાભાઈ દંતાણી, ઉ.વ. ૮૦
- સ્વ. કેશાભાઈ જીવાભાઈ પટેલ, ઉ.વ. ૮૫